<u>પ્રકરણ : ૧</u>

# ❑ ભારતીય પત્રકારત્વના વિકાસની ભૂમિકા અને ગુજરાતી પત્રકારત્વની વિકાસયાત્રા ❑

## – પ્રાસ્તાવિક

હિન્દીના સુપ્રસિધ્ધ કવિ રામધારીસિંહ 'દિનકરે' કલમની અસાધારણ શકિતનો જયજયકાર કરતાં કહયું છે :

"કલમ દેશ કી બડી શકિત હૈ ભાવના જગાનેવાલી,
દિલમેં નહીં દિમાગોંમેં ભી આગ લગાનેવાલી"

સમગ્ર વિશ્વ કલમની શકિતથી પરિચિત છે. નેપોલીઅન સહિતના શકિતશાળી મહાનુભાવોએ કલમની તાકાત સ્વીકારી હતી. કલમ આજે પણ એટલીજ તાકાતવંતી છે. યુગ બદલાયો છે, છતાં કલમનું મહત્વ જગત સહજ રીતે સ્વીકારે છે. ૨૧ મી સદીને સમૂહમાધ્યમોની સદી ગણાય છે કારણ કે સર્વ ક્ષેત્રે માધ્યમોનો પ્રભાવ ફેલાએલો છે. આજે માધ્યમોની અભૂતપૂર્વ અસર જોવા મળે છે. લોકો 'માધ્યમમય' બની ગયાં છે, તેમ કહેવું અતિશયોકિતભર્યુ નથી. સૂરજનાં કિરણોની સાથે દુનિયાભરમાં બનતી ઘટનાઓનો ચિતાર આપણા ઘર સુધી પહોંચાડતુ વર્તમાનપત્ર આપણી દિનચર્યાનું અભિન્ન અંગ બની ગયું છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીના આ યુગમાં જગતભરનાં માધ્યમો વાચકો – દર્શકોને માહિતી પીરસવા તત્પર હોય છે. ઈન્ટરનેટ પર કિલક કરતાંની સાથે જ દુનિયાભરની માહિતી આપણને મળી શકે છે છતાં પણ વર્તમાનપત્રોની વિકાસ યાત્રાને કોઈ રોકી શકયું નથી. સમાચારપત્રોની ઈમારતને સંગીન બનાવવામાં અનેક વિરલાઓએ પોતાની જાતને સમર્પિત કરી છે. શાંતિ અને ક્રાન્તિનાં બીજ રોપ્યા છે. ભારતીય તેમજ ગુજરાતી પત્રકારત્વએ સમાજને રાહ ચીંધવામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો છે.

સમાચાર માધ્યમોમાં છેલ્લાં વર્ષોમાં મુદ્રિત માધ્યમોનો હાથ ઉપર રહયો છે. અખબાર કાયમી ધોરણે મહત્વ ધરાવે છે. મુદ્રિત માધ્યમોની સર્વોપરિતાનું કારણ એમાં રહેલા શબ્દો છે. શબ્દોના કારણે લોકો પ્રત્યેનો પ્રભાવ વધારે છે. શબ્દો વાચકોને લાંબા સમય સુધી યાદ રહે છે અને વાંચેલું લોકો સમજવાની કોશિશ કરે છે. ચક્રની શોધને જગતની સૌથી મહત્વની શોધ માનવામાં આવે છે, પરંતુ ચક્ર બાદ કોઈ મહત્વની શોધ હોય તો તે પ્રિન્ટિંગ પ્રેસની શોધ છે. ઈ.સ. ૧૪૫૫ માં જર્મનીના ગુટેનબર્ગે પ્રેસની શોધ કરી વિશ્વભરમાં મુદ્રિત સાહિત્યનાં દ્વાર ખોલ્યાં હતાં. ગુટેનબર્ગે દુનિયાને પ્રિન્ટિંગ પ્રેસ નામના મશીનની અમૂલ્ય ભેટ આપી. સતત નવું કરતું રહેવું તે માનવીનો સ્વભાવ છે. પ્રેસની શોધ બાદ

છાપકામ શરૂ થયું અને સમાચારપત્રોનું પ્રકાશન વેગવંતુ બન્યું. કાળક્રમે તેમાં ફેરફારો થતાં આજના રૂપકડા અખબારો સામયિકો અને પુસ્તકોનું સર્જન થયું. અખબારો માત્ર સમાચારો આપે એટલુ પૂરતુ ન હતું. સમાચારોની સાથે – સાથે વિશ્લેષણ, અર્થઘટન, મંતવ્યો, લેખો વગેરે આપવાનો પ્રારંભ થયો. અત્યારે અખબારો શ્રેણીબધ્ધ વિષયો પર ઢગલાબંધ લેખો આપે છે. આજનાં અખબારો જ્ઞાનના ભંડાર જેવાં હોવાથી વાચકોની જ્ઞાનની તૃષા છીપાવે છે અને વાચકોને આકર્ષે છે.

## પત્રકારત્વ : મહાનુભાવોની નજરે :

પત્રકારત્વ જનભાવનાની અભિવ્યકિત, સંસ્કૃતિ અને સ્વતંત્રતાનું અગ્રદૂત છે. સમાજસેવા અને વિશ્વબંધુત્વની સ્થાપનાનું સુદ્રઢ માધ્યમ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કહયું છે કે પત્રકારત્વનો મુખ્ય ધ્યેય સમાજસેવા અને રાષ્ટ્રસેવા છે. ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ કહયું હતુ કે "લોકશાહીમાં પત્રકારત્વ આધુનિક જીવનનું મહત્વનું અંગ છે. પત્રકારત્વની અપાર શકિત અને જવાબદારી છે એટલે પત્રકારત્વને સન્માન પ્રાપ્ત થવુ જોઈએ." સુપ્રસિધ્ધ પત્રકાર મેકડોનલ્ડે કહયું હતું કે "પત્રકારત્વ કાંઈ ધંધો નથી, પરંતુ ધંધા – વ્યવસાયથી પણ ઊંચેરી વસ્તુ છે એ એક એવું જીવન છે, જેમાં મેં મારી જાતને હોમી દીધી છે."[૧]

આપણા દેશમાં જેણે પોતાની જાત દેશ સેવા માટે સમર્પિત કરી હોય તેવા અનેક મહાન પત્રકારો થઈ ગયા. જીવનની અનેક પરિસ્થિતિઓ અને પ્રવાહોથી માનવજાતને માહિતગાર રાખવાનું શ્રેષ્ઠ સાધન પત્રકારત્વ છે. શાંતિના સમયમાં શાંતિપ્રિય અને ક્રાંતિના સમયમાં પ્રચંડ પરિવર્તનનું પ્રભાવશાળી પરિબળ છે. તેથી જ અમુક વિદ્વાનો પત્રકારત્વને ભગવાન શંકરના ત્રીજા નેત્ર સમાન ગણે છે. શિવ જેમ કલ્યાણકારી છે તેમ અખબારો સમાજ કલ્યાણધર્મી બને તે અપેક્ષિત છે, પરંતુ શિવ જેમ ત્રીજુ નેત્ર ખોલે છે તેમ અખબારો ત્રીજુ નેત્ર ખોલે ત્યારે સમાજમાં ક્રાન્તિ લાવી શકે છે. શાયર ઈલાહીબાદીએ અખબારની પ્રભાવક શકિતને નવાજતાં કહયું છે ::–

"ખીંચો ન કમાનોં કો, ન તલવાર નિકાલો,
જબ તોપ મુકાબિલ હો, તો અખબાર નિકાલો."

---

૧. *ડૉ. મહેતા ચંદ્રકાન્તના 'પત્રકારત્વ : સિધ્ધાંત અને અધ્યયન' ની તૃતીય આવૃત્તિના પૃષ્ઠ : ૬ પર સમાવિષ્ટ મેકડોનાલ્ડનું ઉદાહરણ.

## પત્રકારત્વ : સમાજ જીવનનું દર્પણ

પત્રકારત્વ સમાજ જીવનનું દર્પણ છે. જેમાં વિશ્વની વિવિધ રંગરેખાઓ સ્પષ્ટ પ્રતિબિંબિત થતી જોઈ શકાય છે. લોકશાહીમાં પત્રકારત્વને ચોથી સત્તા કહેવામાં આવે છે. સમય અને સમાજના સંદર્ભમાં જાગૃત રહીને જે જવાબદારીનું ભાન કરાવે તે સાચુ પત્રકારત્વ. ડેવીડ વેન રાઈટ પત્રકારત્વનો અર્થ સમજાવતાં કહે છે કે "પત્રકારત્વ એટલે માહિતી, સંચાર, નવીનતા માટે હંમેશા ઉત્સુક અને ચિત્ર સ્વરૂપે વિદ્વાનોએ તૈયાર કરેલા દૈનિક બનાવોની વ્યવસ્થિત રજુઆત."[૨] પત્રકારત્વ એ સ્થળ પર તાગ મેળવવાની આવડત અને માનવ સમાજના ઉંડાણમાં જવાની દ્રષ્ટિનો વિકાસ છે. પત્રકારત્વ મનુષ્યને પોતાની જાત અને વિશ્વને સાંભળવા માટે કાન આપે છે અને લોકોને અવાજ આપે છે. લોકો તેના માધ્યમથી પોતાનો અવાજ દુનિયાને સંભળાવી શકે છે.

વિવિધ પત્રકારોએ એ વાત પર ભાર મૂકયો છે કે : પ્રગતિ અને સુધારા માટે સંઘર્ષ કરો. અન્યાય અને ભ્રષ્ટાચારને કયારેય સહન ન કરો, તમામ રાજકીય પક્ષોના પીઠુઓ દંભી લોકો સામે હંમેશા લડો. કોઈ પક્ષના વાજિંત્ર ન બનો. માત્ર સમાચારો છાપીનેજ સંતોષ ન માનો. જનતાના કલ્યાણ માટે વારંવાર યોગદાન આપો. કલમનું શસ્ત્ર તમારા હાથમાં છે, તેનો બરાબર ઉપયોગ કરો.

ડૉ. પરીખ નીતાબેને જણાવ્યા મુજબ ભારતમાં જેને પ્રથમ નિયતકાલીન અને અખબાર કહી શકાય તેવું પત્ર શરૂ કરવાનો યશ જેમ્સ ઓગસ્ટસ હીકીને ફાળે જાય છે. તેના પહેલાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના એક કર્મચારી વિલિયમ બોલ્ટસે નિષ્ફળ અખબાર પ્રકાશિત કરવાનો પ્રયાસ કર્યો હતો.[૩]

---

૨. ડૉ. મહેતા ચંદ્રકાન્ત પત્રકારત્વ : સિધ્ધાંત અને અધ્યયન : પૃષ્ઠ ૩ : 'Journalism Made Simple' ડેવીડ વેન રાઈટનાં અંગ્રેજી ઉદાહરણનો અનુવાદ.

૩. ડૉ. પરીખ નીતાબેન : ભારતીય પત્રકારત્વનો પ્રારંભિક ઈતિહાસ : પૃષ્ઠ : ૮

વૃત્તિવિવેચનના લેખક રમેશ નાથ ગૌતમના મતાનુસાર 'આધુનિક' પત્રકારત્વનો આદીજન દાદો તો ચીન કહેવાય. ચીનના છેક હમણા સુધી આઠ આઠ સદીઓ સુધી એકધારૂ ચાલેલું વૃતપત્ર જાણીતું છે. લગભગ હજારેક વર્ષ પહેલા લાકડાના બીબા બનાવીને મુદ્રણના મુદ્રાક્ષરો પણ ચીને જ પ્રથમ પહેલા ઘૂટયા હતા પરંતુ આજે પણ આપણે જોઈએ છીએ તે ઢબ અને આકારના છાપા જગતને યુરોપની ભેટ છે.

## ભારતીય પત્રકારત્વની ઈમારતનો પાયાનો પત્થર

૧૭૮૦ની ૨૯ જાન્યુઆરીએ હીકીએ ''બંગાલ ગેઝેટ અથવા કલકતા જનરલ એડવર્ટાઈઝર''નામનું બે પાનાનું સાપ્તાહિક બહાર પાડયુ. દર શનિવારે પ્રસિધ્ધ થતા આ અખબારમાં સમાચાર ઓછા અને જાહેરાતો વધુ હતી. માહિતી, મુદ્રણ અને પ્રકાશનની દ્રષ્ટિએ અખબાર સામાન્ય હતું, પરંતુ ઐતિહાસિક અખબાર તરીકે તે કિંમતી છે. તે ભારતીય પત્રકારત્વની ઈમારતનો પાયાનો પથ્થર ગણાય છે. આ અખબારમાં યુરોપિયન પ્રજાના કાર્યક્રમો તેમજ ઘટનાઓના અહેવાલો છપાતા. બધા પક્ષો માટે ભાવ છતાં કોઈનો પ્રભાવ નહિં તેવું તેનું વલણ હતું. હીકીએ પોતાના અખબારની આઝાદી માટે સંઘર્ષ કર્યો હતો. જોકે પોતાના અંગત હિસાબ વસુલવા તેણે અખબારનો ઉપયોગ કરતી વ્યકિત તરીકે વિવાદાસ્પદ થયો હતો. ૧૭૮૧માં તેમના સ્પર્ધકો પીટર રીડ અને બી. મેસિવિકે 'ઈન્ડિયા ગેઝેટ' નામનું નવુ પત્ર શરૂ કર્યુ. આ પત્રને સરકાર સાથે સારા સંબંધો હતા, તેથી તેને અમુક વધુ સુવિધા મળતી. આ ભેદભાવથી હીકી ઉશ્કેરાયો હતો. સરકાર સાથે સંઘર્ષ કરતા અને બદનક્ષીભર્યુ લખાણ લખવા બદલ તેને જેલવાસ વેઠવો પડેલ. તે જેલમાં હતો ત્યારે પણ તેનું અખબાર નિયમિત બહાર પડતું. ૧૭૮૨માં વોરન હેસ્ટીંગ્સે તેનું પ્રિન્ટિંગ પ્રેસ જપ્ત કર્યુ અને બે વર્ષમાં જ તે અખબારનું પતન થયું. હીકી ભારતીય પત્રકારત્વમાં પાયોનિયર ગણાય છે.

---

## ભારતમાં વર્તમાનપત્રોનો ક્રમિક વિકાસ

૧૭૮૨માં પ્રથમ અંગ્રેજ – મરાઠા યુધ્ધ ખેલાયું. અંગ્રેજોએ મરાઠા સાથે કામચલાઉ સમાધાન જલદી કરી લીધું. સમય જતાં કલકત્તા, મુંબઈ અને મદ્રાસમાં એક પછી એક પત્ર શરૂ થતા ગયા. જેમાનાં અમુક અલ્પજીવી હતા. હીકીનું 'બંગાલ ગેઝેટ' શરૂ થયું તેના બીજા જ વર્ષે પીટર રીડ અને બર્નાડ મેસિવિકે 'ઈન્ડિયા ગેઝેટ' નામનું પત્ર શરૂ કર્યુ હતું. કલકત્તાનું ત્રીજુ પત્ર 'કલકત્તા ગેઝેટ એન્ડ ઓરીએન્ટલ એડવાઈઝર' ફેબ્રુઆરી ૧૭૮૪માં શરૂ થયેલ. ૧૭૮૫માં થોમસ જોન્સ નામનાં વેપારીએ શરૂ કરેલ 'બંગાલ જર્નલ' કલકત્તાનું ચોથું પત્ર હતું. ત્યારબાદ બે મહિને 'ઓરીએન્ટલ મેગેઝીન ઓર કલકત્તા એમ્યુઝમેન્ટ' શરૂ થયું તે દેશનું પ્રથમ માસિક પત્ર હતું. ૧૯૯૦ પછી કલકત્તામાંથી 'એશિયાટીક મિરર', 'ધ ઈન્ડિયા વર્લ્ડ', 'કલકત્તા કુરિયર' અને 'ધ ઈન્ડિયન એપોલો' શરૂ થયાં, તેજ અરસામાં 'બેંગાલ હરકારૂ', 'ધ ઈન્ડિયન ન્યુઝ', 'ટેલિગ્રાફ', 'ધ કલકત્તા મોર્નિંગ પોસ્ટ', 'ધ ઓરિએન્ટલ સ્ટાર', 'ધ રિલેટર' વગેરે વર્તમાનપત્ર શરૂ થયાં હતાં.

મદ્રાસમાં ૧૭૮૫માં અંગ્રેજ શાસકોએ રિચાર્ડ જોન્સન નામનાં સરકારી મુદ્રકના તંત્રી પદે 'ધ મદ્રાસ કુરિયર' નામના સાપ્તાહિકનો પ્રારંભ કર્યો હતો. ૧૭૮૯માં હગ બોયડ તેનો તંત્રી બન્યો હતો. ૧૭૯૧માં સરકાર સાથે મતભેદ થતા રાજીનામું આપી પોતાનું 'હરકારૂ' વર્તમાનપત્ર શરૂ કર્યુ હતું. ૧૭૯૫માં હંફ્રિઝને સરકારની મંજૂરી ન મળવા છતા 'ઈન્ડિયા હેરલ્ડ' નામનું પત્ર શરૂ કર્યુ હતું તે બદલ તેની ધરપકડ થઈ હતી. ૧૭૯૫ ની ૧૨ ડિસેમ્બરે મદ્રાસના અખબારો ઉપર સેન્સરશીપ લાદવામાં આવી હતી.[૪]

૧૭૯૦માં મુંબઈ નગરપાલિકાના અધિકારી લ્યુક એશબર્નરે 'બોમ્બે કુરિયર' પત્રનો પ્રારંભ કર્યો. ૧૮૩૮માં રોબર્ટ નાઈટના તંત્રીપદ હેઠળ 'બોમ્બે કુરિયર'નું 'બોમ્બે ટાઈમ્સ' નામકરણ થયું. ૧૮૫૯માં રોબર્ટ નાઈટે તેને ખરીદી લેતા તેનું નામ 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' થયું. ૧૭૯૧માં 'બોમ્બે ગેઝેટ' શરૂ થયેલ. સરકારે તેને અપનાવી 'ગવર્મેન્ટ પેપર' નામ આપેલ.

---

૪. ડૉ. પરીખ નીતાબેન : ભારતીય પત્રકારત્વનો પ્રારંભિક ઈતિહાસ :

# ❑ ભારતીય પ્રાદેશિક અખબારો

ભારતીય પત્રકારત્વ માટે ૧૮૧૩થી ૧૮૧૮ નો સમય નોંધપાત્ર હતો. તે અરસામાં સિરામપોર ખ્રિસ્તી મિશનરીઓએ 'દિગ્દર્શન' નામે બંગાળી માસિક 'ધ ફ્રેન્ડ ઓફ ઈન્ડિયા' નામે અંગ્રેજી અને 'સમાચાર દર્પણ' નામનું સાપ્તાહિક એમ ત્રણ સમાચારપત્રો શરૂ કરી દીધાં હતાં. મોટાભાગનાં સમાચારો ભારતને સ્પર્શતાં હતાં. ૧૮૨૨માં ફરદુનજી મર્ઝબાન નામના પારસી નાગરિકે મુંબઈથી 'શરી મુમબઈ' ના સમાચાર નામનું પારસી સ્પર્શ ધરાવતું પ્રથમ ગુજરાતી પત્ર શરૂ કર્યુ હતું તે આજે 'મુંબઈ સમાચાર' તરીકે જાણીતું છે. ૧૮૨૬માં હિન્દી ભાષામાં 'ઉદંત માર્તંડ' કલકત્તાથી શરૂ થયેલ અને અંગ્રેજ શાસકો સાથે વાંધો પડતા ૧૧ ડિસેમ્બર ૧૮૨૭ના રોજ તે બંધ પડયુ હતું. આજ અરસામાં 'મુંબઈ દર્પણ', 'જ્ઞાનાન્વેષણ', 'સુલતાન-અલ-અખબાર', 'હિન્દુ ઈન્ટેલિજન્સર' 'સોમપ્રકાશ', 'ઈન્ડિયન મિરર', 'ઈંગ્લિશ મેન', 'પત્રિકા', 'પાયોનિયર' 'મરાઠા', 'કેસરી' વગેરે ભારતીય અખબારો શરૂ થયા હતા.

ઉપરાંત ૧૯૦૪માં લાલા લજપતરાયએ શરૂ કરેલ 'પંજાબી અઠવાડિક', ૧૯૨૦માં ઉર્દૂ દૈનિક 'વંદે માતરમ્', બિપીનચંદ્ર ગાંધીનું 'બંગાળનું રત્ન', મોતીલાલ નહેરૂનું 'ઈન્ડિપેન્ડન્ટ', સુરેન્દ્રનાથ બેનર્જી પ્રેરિત અને સરદાર દયાલસિંગ મજીઠીયા સંચાલિત 'ટ્રીબ્યુન', મૌલાના અબ્દુલ કલામનું 'અલ હિલાલ' (૧૯૧૨), પંડિત જવાહરલાલ નહેરૂનું 'નેશનલ હેરલ્ડ' (૧૯૩૮) વગેરેએ ભારતીય પત્રકારત્વમાં અસાધારણ યોગદાન આપ્યુ છે. ગાંધીજીએ લંડનમાં 'ડેઈલી ટેલિગ્રાફ', 'ડેઈલી ન્યુઝ' અને 'પાલમેલ ગેઝેટ'માં કોલમો લખવાથી પત્રકારત્વ ક્ષેત્રે ઝંપલાવેલ. તેમણે પબ્લીક ઓપિનિયન શરૂ કરેલ. ભારત આવ્યા બાદ ૧૯૧૯માં ગાંધીજીએ અનરજીસ્ટર્ડ સાપ્તાહિક 'સત્યાગ્રહ' શરૂ કરેલ. પ્રથમ વિશ્વયુધ્ધ બાદ ગાંધીજીએ ગુજરાતી યુવાનો દ્વારા સ્થાપિત 'યંગ ઈન્ડિયા' નું તંત્રીપદ સ્વીકાર્યુ હતું. તે વખતે તેઓ 'નવજીવન' નું પણ પ્રકાશન કરતા હતા. આ દરમિયાન સરકારે પ્રેસ પર વેરો નાખતા ૧૯૩૦માં ૬૭ અખબારો અને ૫૫ છાપખાનાં બંધ થયાં હતાં. 'નવજીવન' નું પ્રકાશન ખોરવાયું અને 'યંગ ઈન્ડિયા' સાઈકલોસ્ટાઈલ રૂપમાં ફેરવાયું. ગાંધીજીએ તારીખ : ૧૧-૦૨-૧૯૩૩ ના રોજ હરિજનોના ઉધ્ધાર માટે 'હરિજન અખબાર' શરૂ કર્યુ.

ગાંધીજી, પંડિત જવાહરલાલ નહેરૂ, બી.જી. હોર્નિમેન, કે. રામારાવ, સી.વાય. ચિંતામણિ, રામાનંદ ચેટર્જી, એલ. ચલપત્તીરાવ વગેરે ભારતીય પત્રકારત્વ ક્ષેત્રે મોખરાનાં નામો છે.

# ❑ ગુજરાતી પત્રકારત્વ ઉદ્‌ભવ અને વિકાસ

ગુજરાતી પત્રકારત્વનો અને બીબાંનો ઈતિહાસ નોંધપાત્ર છે. વિશ્વમાં મુદ્રણકલાના ઉદ્‌ભવથી સામાજિક જીવન પરિવર્તનશીલ થયું છે. લોકોમાં વાચનની વૃત્તિ વધી છે. જ્ઞાન અને વિજ્ઞાનના મહત્તમ સાધનો ઉપલબ્ધ થવાથી દેશ – પરદેશના સમાચાર જાણવાનું સરળ બન્યું છે. રોજગારી ક્ષેત્રે નવા દ્વાર ખુલ્યા છે. છાપકામની શોધ વિશ્વની ક્રાંતિકારી શોધમાં સ્થાન મેળવી શકી છે. ચીન, જાપાન વગેરે રાષ્ટ્રો બાદ મુદ્રણકલાનો પ્રારંભ યુરોપના દેશોમાં થયો. આજે પણ ઈ.સ. ૧૭૫ માં ચીનમાં છપાયેલા પુસ્તકોના અમુક ભાગ સંગ્રહીત છે. ૧૩૩૭ માં કોરીઆનાં છુટાં બીબાંની મદદથી છાપવામાં આવેલ પુસ્તકની એક નકલ બ્રિટિશ મ્યુઝિયમમાં સાચવી રાખવામાં આવી છે. જર્મનીના મેઝ શહેરના જહોન ગુટેનબર્ગે છુટા બીબાની શોધ કરી તેથી તે મુદ્રણકલાનો પિતા ગણાય છે. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના દલાલ ભીમજી પારેખે દેવનાગરી પુસ્તકો પ્રસિધ્ધ કરવા ૧૬૭૦ માં નિષ્ણાંત મુદ્રકને ભારત તેડાવેલ. પરંતુ હેનરી હિલ નામનાં માણસને પોતાની કામગીરીમાં સફળતા મળી નહોતી.

## લાકડાના કટકામાં શબ્દોનું સર્જન

છાપકામની આ ખૂબ શરૂઆતની સ્થિતિ હતી લાકડાના કટકા પર ચિત્ર અને શબ્દોનું કોતરકામ ખૂબ મહેનત માંગી લેતું તેમાં પુષ્કળ સમય આપવો પડતો અને એથી વિશેષ જે બ્લોક તૈયાર કરવામાં આવતા તે અન્ય કોઈ ઉપયોગમાં આવી શકતા નહીં. આ ઉપરાંત આ બ્લોકના પરિણામે કાગળની એક બાજુએ છાપકામ કરવાનું શકય બનતું હતું, જેથી છૂટાં–છવાયા પાનાઓને પુસ્તક આકારે બાંધવાનો પ્રયત્ન કરવામાં આવતો ત્યારે પુસ્તક શોભાયમાન બનતું નહીં, ખાસ કરીને ખ્રિસ્તી પાદરીઓ જિસસ ક્રાઈસ્ટના જીવનમાંથી કેટલાક પ્રસંગો અને તેમના ધાર્મિક શિક્ષણનો પ્રસાર કરવામાં મુદ્રણકલાનો ઉપયોગ કરતા હતા. ૧૫ મી સદીનાં પ્રારંભિક કાળમાં યુરોપ પ્રજામાં બાઈબલની માગણી ઉઠી. તેને પહોંચી વળવા જુદા – જુદા પ્રયત્ન થયા તેમાંથી બીબાનું અવતરણ થયું. લોરેન્સ જેમ્સ નામનાં જર્મન કારીગરે બીબાનું પ્રારંભિક કામ કર્યુ, પરંતુ છુટાં બીબાં તૈયાર કરવાનો યશ જહોન ગુટેનબર્ગના ફાળે જાય છે. તેણે છાપેલી કેટલીક પ્રત આજે ય જર્મનીમાં સચવાયેલી છે.

## સમૂહ માધ્યમ પરિવર્તનના પંથે

મુદ્રણ માધ્યમની ખીંટી ખોડવી હોય તો તે ઈ.સ. ૧૪૦૩માં કોરિયન લોકોએ ધાતુના ટાઈપ બનાવ્યા અને મેટ્રિકસનો ઉપયોગ શરૂ કર્યો ત્યારથી ગણી શકાય. ઈ. સ. ૧૬૩૮માં અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીમાં પ્લુરિટનોએ પહેલું પ્રિન્ટીંગ પ્રેસ નાખ્યું. આ જ વર્ષે "Bay Psalm Book" નામનું પુસ્તક પ્રગટ થયું. આ રીતે મુદ્રણ માધ્યમથી સમૂહ-માધ્યમોની ક્રાંતિનો પ્રારંભ થયો. એ પછી ઈ.સ. ૧૭૭૧માં "એન્સાઈકલોપીડિયા બ્રિટાનિકા"ની પહેલી આવૃતિ પ્રગટ થઈ. ઈ.સ. ૧૭૯૮માં લીથોગ્રાફીની શોધ થઈ. ઈ.સ. ૧૮૦૦માં લોખંડનું પ્રિન્ટીંગ પ્રેસ તૈયાર થયું. આની શોધ કરનાર અર્લ ઓવ સ્ટેનહોણ હતા. આ પ્રેસની ઝડપ દર કલાકે ૨૫૦ કોપી છાપવાની હતી. ઈ.સ. ૧૮૨૪માં વ્યકિતની નજર સામેથી ચિત્ર ખસી ગયા બાદ માનવચક્ષુ થોડો વખત એની ક્ષમતા જાળવી રાખે એવા મોશન પિકચર્સના સિધ્ધાંતની શોધ થઈ. ઈ.સ. ૧૮૩૯માં ટાલબોટે પહેલી ફોટોગ્રાફિક નેગેટિવ તૈયાર કરી અને અખબારોમાં તસ્વીરો પ્રગટ થવા લાગી. ઈ.સ. ૧૮૪૬માં રોટરી લાઈનિંગ પ્રેસ તૈયાર થયું, જેમાં કલાકની વીસ હજાર નકલ મળી શકતી હતી.

## ગુજરાતી પત્રકારત્વની ઉમ્મર પોણા બે સદીની

આમ જોવા જઈએ તો ગુજરાતી પત્રકારત્વની ઉમ્મર લગભગ પોણા બે સદીની ગણાય. એટલે થોડા વર્ષોમાં ગુજરાતી દૈનિકોએ ઘણો બધો વિકાસ કર્યો છે, અત્યાર સુધીનો પત્રકારત્વનો ઈતિહાસ જોઈએ તો ચોકકસપણે જણાશે કે પત્રકારત્વના સ્પર્શ વગરનું કોઈ ક્ષેત્ર કદાચ બાકી રહયું નથી.

ભારતમાં મુદ્રણકળા પ્રવેશતાં ગુજરાતી ભાષામાં મુદ્રણનો પુરૂષાર્થ ખેડાયો, જીજાબાઈ છાપગરે પહેલ વહેલાં ગુજરાતી બીબાંમાં "બોમ્બે કુરિયર" માં જાહેરાત છાપી, રૂસ્તમજી કેરસાજીએ છાપખાનું શરૂ કર્યુ અને નાના મોટા પુસ્તકો બજારમાં આવ્યા. મર્ઝબાને છાપખાનું નાખી ગુજરાતી અખબાર "મુંબઈ સમાચાર" પહેલ વહેલા દૈનિક સ્વરૂપે પ્રસિધ્ધ કર્યુ.

ઓગણીસમી સદીના ઉદય સાથે ગુજરાતમાં જે નવો પ્રવાહ શરૂ થયો તેણે વિવિધ માધ્યમોથી જ્ઞાન પ્રાપ્ત કરવાના મનોરથને બળ આપ્યુ. જ્ઞાનની બધી બારીઓ ખુલ્લી રાખવાના હેતુસર અર્વાચીન શિક્ષણની આવશ્યકતા સમજાવા લાગી, પરસ્પર વિચાર વિમર્શ માટે વિવિધ સંસ્થાઓએ મંડળીઓની સ્થાપના કરી અને આ જ્ઞાનવાર્તાઓ વધુ લોકો સુધી પહોંચે એ માટે ચોપાનીયા અને સામયિક ચાલુ થયા, નાનાં નાનાં શહેરોમાં પણ પત્રો ચાલુ થયાં હતાં.

ગુજરાતી પત્રકારત્વનો વર્તમાન વૈવિધ્યપૂર્ણ છે તે જ રીતે ઈતિહાસ ગૌરવપૂર્ણ અને રોમાંચક છે. પત્રકારત્વની આજ અને આવતીકાલની વાત કરીએ ત્યારે ગઈકાલની ગૌરવગાથા અને ખામીઓ જાણવી જોઈએ. ગુજરાતી પત્રકારત્વ વીસમી સદીના ફળીયામાંથી એકવીસમી સદીના દ્વારે પ્રવેશી ચૂકયુ છે ટેકનોલોજી ચોતરફ જોવા મળે છે. દૈનિકો અને સામયિકો માટે વિકાસની નવી દિશાઓ ખુલી રહી છે. ડૉ. રતન માર્શલે ગુજરાતી પત્રકારત્વના ઈતિહાસમાં ત્રણ તબકકા જેમાં પ્રથમ તબકકો ૧૮૨૨ થી ૧૮૮૦, બીજો તબકકો ૧૮૮૦ થી ૧૯૧૯ અને ત્રીજો તબકકો ૧૯૧૯ થી ૧૯૪૭ સુધીનો ગણાવ્યો છે. આપણે ચોથો તબકકો આઝાદી પછીથી ગણાવી શકીએ. આજે અખબારોના મુદ્રણમાં આધુનિકતા આવી છે. સમાચારો અને જાહેરખબરો બંને દ્રષ્ટિએ તિવ્ર સ્પર્ધાનું વાતાવરણ છે. ૧૯૫૪ માં પ્રથમ અખબારી પંચની સ્થાપના વખતે ભારતમાં દૈનિકોનો ફેલાવો ૨૫ લાખનો હતો. આજે એ આંકડો દસ ગણાથી વધુ આંબી ગયાનો અંદાજ છે. સુપ્રસિધ્ધ પત્રકાર જોસેફ પુલિત્ઝર સેંટ લુઈઝ પોસ્ટડીસ્પેચમાંથી નિવૃત્ત થતી વખતે ઉચ્ચારેલા શબ્દો ઘણું કહી જાય છે. તેમણે જણાવ્યું હતું કે, "હું નિવૃત્તિ લઉ છું પણ સંસ્થાના મુખ્ય સિધ્ધાંતોમાં જરાય ફેરફાર થવાનો નથી તેની મને ખાતરી છે."

## જ્ઞાન, માહિતી, વિકાસ અને પ્રગતિ વિષયક સામગ્રી

પત્રકારત્વનું ક્ષેત્ર હવે માત્ર સમાચારોના આદાન–પ્રદાનનું જ નથી રહયું, એમાં જ્ઞાન, માહિતી, વિકાસ અને પ્રગતિની સામગ્રીની સાથે–સાથે અભિરૂચી, રસ, શોખ અને વ્યકિત વિકાસને લગતી અનેકવિધ સામગ્રીને સ્થાન પ્રાપ્ત થયું છે. આજનો પત્રકાર કેવળ દૈનિક અખબાર પર જ આધારિત નથી, લોકોના રસ શોખ અને કલાપ્રિયતાને પરિતોષતાં અનેક સામયિકોએ પણ પત્રકારત્વ ક્ષેત્રે આગવું આકર્ષણ ઉભું કર્યુ છે. રાજનીતિ, મનોરંજન, વેપાર–વાણિજય, વિજ્ઞાન, ધર્મ, અધ્યાત્મ, સંસ્કૃતિ, કલા, આર્થિક બાબતો, સમાજ–જીવન, ગ્રામ જીવન, બાળકો–યુવાનો–મહિલાઓ વગેરે સાથે સંબંધ ધરાવતાં અનેક લઘુ અખબારો, સામયિકો અને પ્રકીર્ણ પત્રિકાઓનું વિપુલ પ્રમાણમાં પ્રકાશન થઈ રહયું છે. અનેક સ્વૈચ્છિક અને સરકારી–અર્ધસરકારી સંસ્થાઓ પણ પોતાના મુખપત્રોનું પ્રકાશન કરે છે.માનવજીવનને સ્પર્શતી લગભગ તમામ બાબતોને પત્રકારત્વે આવરી લીધી છે. તે જોતા પત્રકારત્વના અનેકવિધ સ્વરૂપો છે.

જે અનુભવ અને નિરંતર સાધનાના બળે પોતાની જાતને ઘડવા સદાય તત્પર રહે છે, એ જ પત્રકારત્વ ક્ષેત્રે સફળતાનાં ઉતુંગ શિખરો સર કરવાને લાયક છે. ગીબ્સએ કહયું છે તેમ, Even the most successful Journalist, if he on writing side of a newspaper can rarely bank on the past achievements, however long brilint, but must for ever Jerk his brain and keep his curiosity united. જુની મુડીથી 'વેપલો' ખેડી શકાય અને જિજ્ઞાસાના દરવાજા બંધ કરીને બેસી રહેવાય તેવું આ ક્ષેત્ર નથી.[૫]

જેમ માણસની જ્ઞાનપ્રાપ્તિ અભિલાષા તથા ચિંતન અને અભિવ્યકિતની આકાંક્ષા તથા ભાષાના ઉદ્‌ભવનું નિમિત બની તેમ સમાજના લોકોનું કુશળ–મંગળ જાણવાની તથા વિવિધ પ્રવાહોથી પરિચિત રહેવાની વૃત્તિએ સમાચારપત્રોના ઉદ્‌ભવની પૃષ્ઠભૂમિ તૈયાર કરી. સમાચારપત્રો માણસના મનમાં પ્રવાહને તંતુ સાથે જોડી આપે છે.

આમ જોવા જઈએ તો નિષ્ણાંતોના મતે ફરદુનજી મરજીબાને એ ગુજરાતી મુદ્રણ અને પત્રકારત્વના સ્થાપક કહી શકાય. મુંબઈ સમાચાર જે ૧ જુલાઈ ૧૮૨૨ના રોજ ચાલુ થયું તેના આરંભથી જ ગુજરાતી પત્રકારત્વની શરૂઆત થઈ ગણાય. "સહી મુંબઈના સમાચાર" નામેથી શરૂઆતમાં ઓળખાતા આ પત્રમાં પાંચથી છ પાના જ બહાર પડતા. મુખ્યત્વે મુખ્ય સમાચાર, અવસાન નોંધ, કવિતાઓ, થોડા બીઝનેશના ન્યૂઝ વિગેરે સામગ્રી છપાતી. પાછળથી ૧૦ વર્ષ પછી "મુંબઈ સમાચાર" દૈનિક બન્યું અને તેટલે તેનું માત્ર એકજ પાનું બહાર પડતું. જોકે પાછળથી એટલે કે ૧૮૩૩થી તે સપ્તાહમાં બે જ દિવસ પ્રસિધ્ધ થતું. આ પ્રતિષ્ઠિત પત્ર ૧૮૫૫થી ફરી દૈનિક સ્વરૂપે ચાલુ થયું. જે પરંપરા આજે પણ ચાલું છે.

પસ્તેજી માણેકજી મુનીવાળાના તંત્રીપદેથી ૧૮૩૨ની સાલમાં એક સાપ્તાહિક ચાલું થયું જેનું નામ 'શ્રી મુંબઈના જામે જમશેદ' હતું. જેની શરૂઆત કરવાનો યશ સર જમશેદજી જીજીબાઈના ફાળે જાય છે.

પછી તો ગુજરાતી પત્રકારત્વની શરૂઆતથી આઝાદીના સમયગાળા દરમ્યાન આપણા દેશમાં ઘણાબધા અખબારો શરૂ થયા. જેમ કે તેમાનાં થોડાક અત્યાર સુધી જીવીત રહી શકયા છે. ગુજરાતી પત્રકારત્વના ઈતિહાસમાં ડૉ. રતન માર્શલ નોંધે છે કે, એમાંથી ઘણાબધા પત્રોનો એક પણ અંક આજે જોવા મળતો નથી.

---

૫. ડૉ. મહેતા ચંદ્રકાન્ત : સિધ્ધાંત અને અધ્યયન : પૃષ્ઠ : ૩૯

૧૯૭૨ના અરસામાં બાજીભાઈ અમીચંદ અમદાવાદમાં ''વરતમાન'' છાપવાનું ચાલું કર્યુ. જોકે ૧૮૬૪માં જ બંધ થઈ ગયું. જો કે વરતમાનના લીધે પ્રજાને વાંચવા શોખ વધી ગયો. તે જ રીતે ૧૮૫૧ની 'રસ્તા ગોફતાર'નો પ્રારંભ થયો. જેનો શ્રેય ખુરદંશજી સહવાનજી કામને જાય છે. આ પત્રનો મુખ્ય ધ્યેય તો પારસી ધર્મ સામેના આક્રમણનો જવાબ આપવાનો જ હતો. આ પત્રમાં દાદાભાઈ નવરોજીએ પારસીઓ પરના અત્યાચારોનો ખ્યાલ આપ્યો હતો. ૧૯૬૨માં 'રસ્તા ગોફતાર' કરશનદાસનું સત્યપ્રકાશ જોડાઈ ગયું. તેથી તેનું નામ 'રાસ્ત ગોફતાર' તથા 'સત્યપ્રકાશ' રહયું. ૧૮૧૮ના આ પત્ર 'પ્રજામિત્ર અને પારસી' સાથે જોડાઈ ગયું.

તે જ રીતે અનેક સીમાસ્તંભો જેણે સ્થાપ્યા હતા એવા સુરતના ''ડાંડિયા'' પત્રનું આયુષ્ય માત્ર પાંચ જ વરસનું હતુ. જેણે ગુજરાતી ભાષાનું કાઠુ ઘડવામાં ઘણો ફાળો આપ્યો હતો. ૧૮૬૮થી સુરતમાંથી સોરાબજી અરદેશજી ઈજનેરે ''સન્ડે રિવ્યુ'' શરૂ કર્યુ હતું. જેની સાથે ૧૮૬૯માં ''ડાંડિયો'' જોડાઈ ગયું. મુખ્યત્વે તેમાં સુધારાના જંગ ખેલવામાં આવ્યા.

## ''સુરત મિત્ર'', ''ગુજરાત મિત્ર''

શરૂઆતમાં સાપ્તાહિક તરીકે ''સુરત મિત્ર'' ૧૮૬૩માં ચાલુ થયું સુરતમાંથી શરૂ થયેલ આ પત્રના કર્તાહર્તા અરદેશર તાલિયારખાન હતા. જે પાછળથી ''ગુજરાત મિત્ર'' તરીકે ઓળખાવવા લાગ્યું. ૧૮૮૮માં શરૂ થયેલ 'ગુજરાત દર્પણ' 'ગુજરાત મિત્ર' સાથે જોડાઈ ગયું. ૧૯૩૬થી 'ગુજરાત મિત્ર'ની દૈનિક આવૃતિ બહાર શરૂ થઈ જે હાલ પણ ચાલુ જ છે. માત્ર એક વર્ષ ચાલેલું 'સ્વતંત્રતા' સુરતથી માસિક સ્વરૂપે પ્રકાશિત થયું હતું. તો ૧૮૬૧માં ખેડામાં 'ખેડા વર્તમાન' ૧૮૬૪માં રાજકોટમાં 'કાઠીયાવાડ સમાચાર' શરૂ થયું. જોકે મોટાભાગના અખબારોનું આયુષ્ય ટુંકુ હતું.

ફરાનજી કાવસજી મહેતાનું 'હિતેચ્છુ' (૧૮૭૩), 'અમદાવાદ સમાચાર' (૧૮૬૭), 'પ્રજાભિલાસ' (૧૮૬૩), 'પ્રજામત', 'હિન્દુસ્તાન', 'રાજ પત્રિકા', 'ખેડા ખેતવાડી' (૧૮૭૮), 'શ્રીમાળી શુભેચ્છક' (૧૮૩૩), 'પ્રિયવંદા' (૧૮૬૬), 'સ્વદેશ બંધુ' (૧૮૫૫), 'ભરૂચ વર્તમાન' (૧૮૬૧), 'દેશ ભકત' (૧૮૬૯), 'ફ્રિપ્રેસ' (૧૮૩૫), 'મુંબઈ સમશેરે કિસ્તાની' (૧૮૯૪), 'જ્ઞાન સાગર' (૧૮૫૧),

'રામ શહેર રમુજ' (૧૮૫૩), 'પારસી મિત્ર' (૧૮૫૫), 'દોએ હિન્દ' (૧૮૫૮), 'પારસી રિફોમર' (૧૮૫૨), 'સૂર્યોદય' (૧૮૬૪), 'ધી યુનિયન પ્રેસ' (૧૮૬૯), 'દાંતરડુ' (૧૮૭૦), 'કાઠીયાવાડ ટાઈમ્સ' (૧૮૮૮), 'સિંધ વરતમાન' (૧૮૮૧), 'નવસારી પ્રકાશ' (૧૮૯૭), 'મુંબઈ દુરબીન' (૧૮૩૭), 'મુંબઈ વરતમાન' (૧૮૪૪), 'અખબારી સોદાગર' (૧૮૫૨), 'બાગેનશીહત' (૧૮૫૪), 'દોસતે પારસ બાનુઆન' (૧૮૫૪), 'સુરીય પરકાશ' (૧૮૫૬), 'ગુજરાતી રિવ્યૂ' (૧૮૬૨), 'સાહે મિત્ર' (૧૮૬૮), 'ઈઅજંદા (યજદા) પારસી' (૧૮૬૮), 'મુંબઈ દોસ્ત' (૧૮૬૯), 'ઈન્ડિયન ફિટીક' (૧૮૭૦), 'આર્યમિત્ર' (૧૮૭૨), 'અબધુત' (૧૮૭૪), 'ભૂત અને વર્તમાન' 'પખવાડિયાની મજાર' (૧૮૫૫), 'ભીમસેન' (૧૮૯૪), 'સ્વતંત્ર' (૧૮૯૫), 'નવસારી પ્રકાશ' (૧૮૯૭), 'ગડગડાટ' (૧૮૯૮), 'પંચદાંટ' (૧૮૯૯) વગેરે પત્રો બહાર પડયાં.

તે જ રીતે સામયિક પત્રકારત્વના યુગની શરૂઆત જગત, ચિત્રમય, બુધ્ધિપ્રકાશ, નવચેતન, કુમાર, માનસી જેવાં સામયિકોએ કરી હતી.

## 'બુધ્ધિપ્રકાશ'નો પ્રારંભ

"પ્રાચીનતાની દ્રષ્ટિએ પ્રથમ સ્થાન 'બુધ્ધિ પ્રકાશ'ને મળશે." એવા શબ્દો શ્રી વિદ્યાનાથ ભટ્ટે ઉચ્ચાર્યા હતા. શ્રી પંડયા વિષ્ણુભાઈનો અભિપ્રાય લઈએ તો તેમનાજ શબ્દોમાં, 'સાહિત્યને બાજુ પર મુકીને જો ફકત ગુજરાતી પત્રકારત્વની વાત કરીએ તો ગુજરાતી પત્રકારત્વમાં પડેલું ગણનાપાત્ર સામયિક 'બુધ્ધિ પ્રકાશ' છે. આ સામયિકનો હેતુ જ્ઞાન પ્રસારણ અને જન જાગૃતિનો હતો.' ઈ.સ. ૧૮૫૦માં 'બુધ્ધિ પ્રકાશ' નો ઉદય થયો હતો. આ સોળ પાનાના સામયિકની કિંમત દોઢ આના હતી. આ સામયિક દોઢ વર્ષ ચાલ્યું અને પછી તેનો અસ્ત થયો. આ દરમિયાન ૧૮૫૧માં રાવબહાદુર ભોગીલાલ પ્રાણવલ્લભદાસે ફરીથી શરૂ કર્યુ અને ૧૮૫૪માં ફરી બંધ પડયું. આખરે 'ગુજરાત વર્નાફયુલર સોસાયટી' એ તેને હાથમાં લીધું.

કકલભાઈ કોઠારી, ગાંધીજી, કનૈયાલાલ મુનશી, શ્યામજી કૃષ્ણ વર્મા, દાદાભાઈ નવરોજી, કવિ નર્મદ, વિજયરાજા વૈદ્ય વગેરે અનેક મહાનુભાવોએ ગુજરાતી પત્રકારત્વનો માન-મરતબો દેશ અને દુનિયામાં વધાર્યો હતો.

૧૮૫૧માં દાદાભાઈ નવરોજી પ્રેરિત 'રાસ્ત ગોફ્તાર'[૬] તે જ વર્ષમાં મુંબઈથી ચિત્ર વિજ્ઞાન દર્પણ, ૧૯૫૪માં 'શમશેર બહાદુર', ૧૯૬૨માં ગુજરાત શાળાપત્રો, ૧૯૭૧માં ભોળાનાથ દિવેટીયા અને મહિપતરામનું 'જ્ઞાનસુધા', ૧૯૭૩ માં જ્ઞાન વર્ધક અને જ્ઞાન પ્રસારક, ૧૮૮૧માં આર્ય જ્ઞાન વર્ધક, ૧૯૦૨માં વસંત, ૧૮૧૩માં હરગોવિંદદાસ કાંટાવાળાનું સાહિત્ય, ૧૯૮૫માં પ્રાચિન કાવ્ય મનોરંજક રત્નમાળા શરૂ થયું હતું. તે ૧૮૪૯માં જ્ઞાન પ્રસારક, ભાવનગરથી 'મંનોરજક રત્ન', 'સુબોધ પ્રકાશ', 'ધર્મ દર્પણ', 'વિવેચક', 'માસિક સારસંગ્રહ', 'ત્રિમાસિક લલકાર', 'દર્મ દર્પણ', 'માનવ ધર્મ', 'જ્ઞાન સુધા', ૧૮૮૧ માં 'આર્યવર્ધક', ૧૯૦૨માં વસંત, સાહિત્ય, પ્રાચિન કાવ્ય, ૧૮૮૪માં લીંબડીથી માસિક સાર સંગ્રહ, જૈન ધર્મ પ્રકાશ, રાણપુરથી ૧૯૩૦માં બહુરૂપી, ૧૯૨૬માં શિક્ષણ પ્રકાશ, ૧૯૩૩માં નૂતન સૈરાષ્ટ્ર, અંજલિ વગેરે પત્રો બહાર પડયા હતા.

તે જ રીતે માણલાલ નભુભાઈ ત્રિવેદીએ ૧ ઓગષ્ટ ૧૮૮૫માં 'પ્રિયવંદા' નામનું પ્રથમ મહિલાઓનું માસિક શરૂ કર્યુ હતું. જે કમનસીબે સામાન્ય મહિલાઓ સમજી ન શકતા પાછળથી 'સુદર્શન' નામે ઓળખાયું હતું. આ પત્રનું સંપાદન પણ મહિલાલ દ્રિવેદી કરતા. પ્રિયવંદાનું લખાણ ઘણુ પાંડિત્યસભર રહેતું.

**'આર્યસહોદર' અને 'ખેડૂત'**

ખૂબ નાની વયે ભાનુશંકર શુકલના તંત્રીપદે જુનાગઢથી 'આર્યસહોદર' બહાર પડયું, જેમાં મુખ્યત્વે સંસ્કૃત ગ્રંથોને લોકભોગ્ય ભાષામાં પીરસવાનો પ્રયાસ કરવામાં આવતો. મણિલાલ નભુભાઈના 'પ્રિયવંદા' પછીના ત્રીજા વર્ષ ૧૮૮૭માં ભાવનગરથી જ 'ખેડૂત' નામનું સંપૂર્ણ કૃષિ સામયિક શરૂ થયું. એ ઘટના ભાવનગરે સૈરાષ્ટ્રના પત્રકારત્વના ઈતિહાસમાં આપેલા ફાળાની ચાડી ખાય છે. તેમ શ્રી યાસીન દલાલ નોંધે છે.

રાજકોટથી ૧૯૨૪ની સાલમાં પખવાડિકના સ્વરૂપમાં 'શારદા' ચાલુ થયું. જે ખરેખર ખુબ જ સાહિત્યપ્રચૂર હતું. તો સૈરાષ્ટ્ર માટે ખૂબજ પ્રતિષ્ઠાભર્યુ કહી શકાય એવું 'મિલાપ' ઘણા વર્ષો ચાલ્યું. જો કે હાલમાં તે બંધ પડી ગયું છે. આપણા ભારત દેશની આઝાદીના લડવૈયા અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી 'યંગ ઈન્ડિયા' પત્રના પાયામાં હતા. જોકે ગાંધીજી તો 'નવજીવન' અને 'સત્ય' સાથે પણ સંકળાયેલા હતા. ગાંધીજીની લેખણીને પ્રજામાં ખુબજ સ્વીકૃતિ મળી હતી. જે ખરેખર ખૂબ જ આનંદની વાત છે.

---

૬. પંડયા વિષ્ણુ, ડૅા. પંડયા આરતી : પત્રકારત્વનો ઈતિહાસ : પૃષ્ઠ : ૩૩

## સૈરાષ્ટ્રનું પત્રકારત્વ : એક ઝલક

અત્યારે ફૂલછાબ સ્વરૂપે રાજકોટથી પ્રસિધ્ધ થતાં મૂળ રાણપુરના સૌરાષ્ટ્ર પત્રની સ્થાપના ૧૯૨૧માં અમૃતલાલ શેઠે કરી. તે જ રીતે ૧૯૨૧માં રામમય મુનશીએ 'સ્વરાજ' નામનું દૈનિક ચાલુ કર્યુ જે હજુપણ પ્રકાશિત થાય છે. કકલભાઈ કોઠારીએ અમદાવાદથી ૧૯૩૬માં 'પ્રભાત' અને 'જયસૌરાષ્ટ્ર' દૈનિક શરૂ કર્યા. ગુજરાતી ભાષા પહેલ વહેલું સાંધ્ય દૈનિક 'સાંજ વર્તમાન' ૧૯૦૦ના અરસામાં ચાલુ થયું જેને ૧૯૦૯ની સાલમાં 'સમી સાંજ' નામના પત્રે સારી એવી સ્પર્ધા પુરી પાડી. જો કે સમી સાંજ છ મહિનામાં જ બંધ પડી ગયું. ૧૯૪૨થી સાંજ વર્તમાનના માલિકોએ 'મુંબઈ વર્તમાન' નામનું એક દૈનિક ચાલું કર્યુ. જે ૧૯૪૭માં 'રાસ્ત ગોફતાર' સાપ્તાહિક સાથે જોડાઈ ગયું.[૭]

## ગુજરાતમાં આધિપત્ય

મુંબઈથી પ્રારંભિત ગુજરાતી પત્રકારત્વે સમગ્ર ગુજરાતમાં પોતાનું આધિપત્ય વિસ્તાર્યુ હતું. અત્યારે 'ગુજરાત મિત્ર' તરીકે ઓળખાતું 'સુરત મિત્ર' ૧૮૬૩માં સુરતમાંથી શરૂ થયું હતું. રાજકોટમાંથી 'સૌરાષ્ટ્ર', મુંબઈમાંથી ૧૯૪૭માં 'વંદેમાતરમ્' અને અમદાવાદમાંથી ૧૯૬૨માં ગુજરાત સમાચાર, સંદેશ (૧૯૨૩) અને જનસત્તા ૧૯૫૩થી શરૂ થતા ગુજરાતી પત્રકારત્વ વધુ સભર બન્યું. 'પ્રભાત', 'જયહિન્દ', 'સમભાવ', 'દિવ્યભાસ્કર', 'ફૂલછાબ', 'કચ્છ મિત્ર', 'ગાંધીનગર સમાચાર' વગેરે સમાચારપત્રો ઉપરાંત ગુજરાતનાં દરેક જિલ્લા તથા તાલુકાઓમાંથી અખબારો તથા સામયિકો પ્રકાશિત થાય છે, જેની યાદી પરિશિષ્ટમાં આપી છે.

સંકલન કરીએ તો, ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે પારસીઓએ ઘણું બધું મહત્વનું પ્રદાન આપ્યું છે પરંતુ હવે તેમની થોડી પીછેહઠ થતી હોય તેવું દેખાઈ આવે છે અને બીજી બાજુ અંગ્રેજી અખબારોનું ચલણ વધ્યું છે અને લોકો તેમને વધારે સ્વીકારે છે. અત્યારે તો પારસી ભાષાનું જ્ઞાન હોય તેવા જુવાનીયાઓ બહુ ઓછા છે. એટલે મોટાભાગના વર્તમાનપત્રો બંધ પડી ગયા છે.

ડૉ. માર્શલના શબ્દોમાં કહીએ તો 'પત્રકારત્વ માટે આવશ્યક છાપખાનું અને છાપખાના માટે જરૂરી બીબાની ગુજરાતી ભાષાના સૌપ્રથમ બીબાં જી જી ભાઈ બેરામજી છાગપરે સનેઃ ૧૮૧૧ના અરસામાં પાડયા ત્યારે મુંબઈથી પ્રસિધ્ધ થતા 'ધી બોમ્બે કુરીયર' નામના અંગ્રેજી પત્રમાં ગુજરાતી ભાષામાં થોડી જાહેરખબરો છપાતી. એ માટે નાની સંખ્યામાં આ બીબા છાપગરે બનાવેલા. આ જોઈ કુર્કુનજી મર્જબાનને ગુજરાતી ભાષાનું છાપખાનું બનાવવાનો વિચાર આવ્યો હતો. જોકે છાપખાનામાં તેમણે શરૂઆતમાં પંચાગ સહિતના પુસ્તકો પ્રગટ કરેલા જેને ખુબ સારો પ્રતિસાદ મળ્યો.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના યુગમાં અશિક્ષિત પ્રજાને લઈને પત્રકારત્વને ઘણાં કપરાં ચઢાણ ચડવાં પડયાં હતાં. વર્તમાનપત્રો કરતા વિચારપત્રો વધુ હતાં.

---

૭. ડૉ. દલાલ યાસીન : અખબારનું અવલોકનની સૌરાષ્ટ્રના પત્રકારત્વની સામગ્રીનો સાર સંક્ષેપ.

સમગ્રપણે, ભારતીય પત્રકારત્વના ઈતિહાસમાં ઓગણીસમી સદીનો સમય પરિવર્તનનો સમય હતો પણ તે પહેલાની અઢારમી સદી તો પત્રકારત્વના વિકાસ માટે ખુબ મુશ્કેલીમાંથી મારગ કરવાની હતી. કારણ કે, અઢારમી સદીમાં સામાન્ય જનસમાજ ધર્મના નામે પ્રચલિત બનેલી અનેક રૂઢિઓને કુરીવાજોની નાગચૂડમાં પીસાતો હતો પણ સૌરાષ્ટ્રમાં પત્રકારત્વ ક્ષેત્રે નાના નાના એટલા દિવડાઓ પ્રગટયા કે ક્રાંતિ અને જાગૃતિનો એક જુવાળ ઉભો થયો. સૌરાષ્ટ્ર એટલે નાના નાના રજવાડાઓનો બનેલો પ્રદેશ. એ વખતે સૌરાષ્ટ્રમાં ૨૦૦થી પણ વધુ નાના રાજ રજવાડા હતા.

ડો. દલાલ યાસીન નોંધે છે કે, 'સૌરાષ્ટ્રનો મોટો ભાગ આમ દેશી રાજયોના શાસન હેઠળ હતો. તેબહુ નાનો ભાગ સીધો બ્રિટિશ એજન્સીના અંકુશમાં હતો. સૌરાષ્ટ્રની પ્રજાના પ્રશ્નો આ દેશી રાજયોના કારણે જ ઉદભવતા જેના માટે જ અખબારોની જરૂર હતી.'

## કાઠીઆવાડ ટાઈમ્સનો પ્રારંભ

'સૌરાષ્ટ્ર'ના મોખરાના વર્તમાનપત્રો પૈકી ખુબ જુના કાઠીઆવાડ ટાઈમ્સનો પ્રારંભ તા. ૧-૧-૧૯૮૮ના રોજ રાજકોટથી થયો. તે સાપ્તાહિક હોવા છતાં કદ દૈનિકપત્ર જેવું હતું. અડધા પાનામાં માસ્ટર હેડ ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં મોટા અક્ષરે છાપવામાં આવતા. જેની છુટક નકલની કિંમત બે આના અને વાર્ષિક લવાજમ છ રૂપિયા અને છ આના હતું. જયારે જાહેરખબરનો ભાવ એક કોલમ બાય સેન્ટીમીટરના ચાર લીટીના એક રૂપિયા લેખે હતો. તેણે સૌરાષ્ટ્રના પ્રજાજીવન ઉપર સારો એવો પ્રભાવ પાડયો હતો. તેણે ઘણી બધી બાબતોમાં આગેવાની લીધી હતી. આજની ધર્મેન્દ્રસિંહજી કોલેજની સ્થાપના માટેનું વાતાવરણ ઉભુ કરવા માટે કાઠીઆવાડ ટાઈમ્સનો સિંહ ફાળો હતો.

'સૌરાષ્ટ્ર'ના સ્થાપક તંત્રી શ્રી અૃમતલાલ શેઠે ૧૯૨૧ની ૨જી ઓકટોબરે સૌરાષ્ટ્રના નાનકડા રાણપુર ગામેથી 'સૌરાષ્ટ્ર'નો પ્રાંરભ કર્યો. તેણે એ સમયના લગભગ ૨૦૦ જેટલા રજવાડાઓ નીચે શુષ્ક અને નિષ્પ્રાણ બની ગયેલા પત્રકારત્વમાં જોમ રેડયું અને અખબારોને ચેતનવંતા બનાવ્યા.

## 'સૌરાષ્ટ્ર'નો પ્રેરણારૂપ સમય

પત્રકારત્વના ક્ષેત્રમાં પ્રવેશવા થનગનતા સેકંડો યુવાનોને શીખ અને પ્રેરણા મળે એવો 'સૌરાષ્ટ્ર'નો કાળ હતો. તેની લંબાઈ ૧૦ બાય ૬ ઈંચની હતી. અનેક મુસીબતોના આક્રમણ સામે તેણે વધુ સમય જાક ન ઝીલી અને ૧૦ વર્ષની આયુષ્ય ભોગવીને તે બંધ પડયું. ત્યાર પછી ૧૯૩૨માં છ મહિનાની જેલ ભોગવ્યા પછી કકણભાઈએ 'ફૂલછાબ'ની શરૂઆત કરી જે પાછળથી ઝવેરચંદ મેઘાણીએ સંભાળ્યું. સૌરાષ્ટ્રમાંથી ફૂલછાબમાં રૂપાંતર થયા પછી પણ તેનું સ્વરૂપ સાપ્તાહિકનું જ રહયું હતું અને કદ ટેબ્લોઈટ હતું અને કદના ૨૪ પાનાના અંકની છુટક કિંમત દોઢ આનો હતી. તેની વાંચન સામગ્રી પણ અજબ વૈવિધ્ય ધરાવતી હતી. તેના દરેક અંકમાં સાહિત્યની ચર્ચાના બે ચિત્રણ પાના જોવા મળે છે. તે તસ્વીર અને કાર્ટૂનને પણ એટલું જ મહત્વ અપાતું. ૧૯૫૦ની બીજી ઓકટોબરથી રાજકોટમાં તેનો દૈનિક સ્વરૂપે પ્રારંભ થયો. એના સંચાલન માટે જયભારત લી. નામની સંસ્થા ઉભી કરાઈ. સત્તાવાર રીતે શ્રી નાથાલાલ શાહ તંત્રીપદે હતાં પણ ઘણુંખરૂ કામ જયમલ પરમાર જ સંભાળતાં અને આજે પણ આ ફૂલછાબ તેનું સાહિત્ય ક્ષેત્રે અને અખબારોની દુનિયામાં પોતાનું અલગ સ્થાન ટકાવી શકયું છે તે જ મહત્વની વાત છે. ૧૯૨૪ના એપ્રિલ માસમાં ગોકુળદાસ રાયચુરાએ રાજકોટમાંથી પ્રારંભ કર્યો ત્યારે શ્રી નૃસિંહ વિભાકરે ગોકુળદાસ રાયચુરાએ પત્રકારત્વમાં પ્રવેશ કર્યો એ બદલ મુબારકબાદી આપી હતી અને દિલસોજી પણ પાઠવી હતી.

## 'શારદા' અને 'કૌમુદી'

'શારદા' અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થતું. એની છુટક કિંમત બાર આના અને વાર્ષિક લવાજમ છ રૂપિયા હતું. તેનું મુખપૃષ્ઠ આકર્ષક તિરંગી હતું અને કદ ડેમી સાઈઝથી સહેજ મોટું હતું. શારદા મુખ્યત્વે સાહિત્ય અને સંસ્કારનું માસિક હોવાથી તેમાં રાજકીય સમસ્યાઓને સ્થાન ન હતું. આ માસિક ૪૦ વર્ષ સુધી ચાલ્યું. 'શારદા'ની જેમ 'કૌમુદી' પણ સાહિત્યનું એક સુઘડ પત્ર હતું. કૌમુદીની વ્યવસ્થામાં વારંવાર ફેરફારો થયા હતા. ૧૯૨૭માં તેનું નવુ સ્વરૂપ આવ્યું. કૌમુદીનું સ્વરૂપ શિસ્ટ સાહિત્ય અને વિવેચના સામયિકનું હતું.

## 'નૂતન સૌરાષ્ટ્ર'ની નવી કેડી

'કૌમુદી' પછી ૧૯૩૮માં વિજયરાય વૈદ્ય 'માનસી'નો પ્રારંભ કરે છે. સૌરાષ્ટ્રના ઈતિહાસમાં અંતે જયહિન્દ અને નૂતન સૌરાષ્ટ્રનો ઉલ્લેખ તો કરવો જ પડે. જયહિન્દનો પ્રારંભ થયો ત્યારે છ પાના દોઢ આનામાં અપાતા. ૧૯૫૦થી ૧૯૬૦નો દાયકો જયહિન્દના વિકાસનો દાયકો બની ગયો. આ અરસામાં સૌરાષ્ટ્રના દૈનિકોમાં ફેલાવાની દ્રષ્ટિએ મોખરે હતું. એનું વેચાણ એક સમયે વધીને ૪૨૦૦૦ નકલે પહોંચ્યું હતું તેમ ડો. દલાલ નોંધે છે.

ત્યારબાદ જુગતરામ રાવલે 'નૂતન સૌરાષ્ટ્ર' બહાર પાડયું. વૃતાંત નિવેદનની બાબતમાં એ જમાનામાં નૂતન સૌરાષ્ટ્રએ ઘણી નાની કેડીઓ કંડારી. જયહિન્દની જેમ નૂતન સૌરાષ્ટ્રે પણ લોકલાગણીની વાચા આપી હતી. તેમણે નિષ્પક્ષપણે અને નિડરતાથી સરકારની ટીકા કરી હતી.૧૯૫૫માં શ્રી જુગતરામ રાવલના પુત્ર હસમુખભાઈ રાવલે તેનું વ્યવસ્થાતંત્ર સંભાળ્યું અને નૂતન સૌરાષ્ટ્રએ નવા રંગરૂપ ધારણ કર્યા. ૧૯૫૬ થી ૧૯૬૫ ના દસ વર્ષમાં તેનો ઘણો વિકાસ થયો. આ ઉપરાંત 'અંજોલ' નામનું વાર્તા માસિક પણ શરૂ કર્યુ. આજે એ બંધ થયું છે પણ નૂતન સૌરાષ્ટ્ર આજે પણ એક નીતિથી રાજકોટ ખાતેથી પોતાનું કાર્ય બજાવી રહયું છે. એક સમયે ફૂલછાબનો પણ સૂરજ તપતો હતો, પછડાટ પછી આજે ફરી બેઠુ થવા પ્રયાસ કરી રહયું છે.

## નિષ્કર્ષ :

'મુંબઈ સમાચાર'થી આરંભાએલી ગુજરાતી પત્રકારત્વયાત્રા એક નોંધપાત્ર ઘટના છે. સમયનાં વહેણ સાથે રંગીન પૃષ્ઠો, મબલખ ચિત્રો, તસ્વીરો તથા વિવિધ પ્રકારની દૈનિક પૂર્તિઓને કારણે ગુજરાતી પત્રકારત્વ અત્યંત લોકપ્રિય બન્યું છે.

---------------------